જૈન ધર્મ પ્રવેશ પોથી

ભાગ પેલા તથા

બીજાના અર્થ.

છપાવી પ્રસિદ્ધ કર્તા.

મેઘજી હીરજી

જૈન બુકસેલર્સ એન્ડ પબ્લીશર્સ

નં. ૫૬૬ પાયધુની મુંબઈ.

અમદાવાદ-શ્રી 'સત્યવિજય' પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકલચંદ

હરિલાલે છાપી.-પાંચકુવા નવા દરવાજા.

આવૃત્તિ ચોથી. પ્રત ૨૦૦૦

સંવત ૧૯૭૫. સને ૧૯૧૯

કીંમત રૂ. ૦-૨-૦.

જૈન ધર્મ પ્રવેશ પોથી.

ભાગ ૧ લા ના અર્થ.

પાઠ ૧ લો.

દેરૂં=મંદિર.
અરિહંત=કામ, ક્રોધાદિક શત્રુને હણનાર,

પાટ ૨ જો.

પ્રતિમા=મૂર્ત્તિ.
સુંદર=સારી.

પાઠ ૩ જો.

દેરાસર=જૈન મંદિર.
આરતિ=પાંચ સાત દિવા કરી પ્રભુની પ્રતિમાની સામે ફેરવાય તે.
પ્રગટાવી=સળગાવી.
પરિણામ=ભાવ.

પાઠ ૪ થો.

ભક્તિ=સેવા.
ઉપાય=ઇલાજ.
સહેલો=સરલ.
ગુરૂજી=બોધ આપનાર, શિક્ષક.
મંગળ=કલ્યાણકારક, જેથી સારૂં થાય એવો.

પાઠ ૫ મો.

કળશ=કુંભ, લોટો.
નવણ=પખાળ, નવરાવવું તે.
ભાગ્ય=નશીબ.
જળપૂજા=જિન ભગવાનને નવરાવવારૂપ પાણીની પૂજા.

પાઠ ૬ ઠો.

ચામર=પ્રભુ પાસે ઢાળવાનો ચમરી ગાયના વાળનો ગુચ્છો.
આંગી=અંગના શણગાર કરવા તે.

મજેની=સારી.
તેડવા=બોલાવવા.
સાથ=સંગાથ, સોબત.
આનંદ=હરખ, હર્ષ.
ઉપજતો=થતો.
ઢાળવું=ચામરથી પવન નાંખવો તે.

પાઠ ૭ મો.

છત્ર=શોભિતી છત્ર.
નમે છે=પગે લાગે છે.
ત્રણુલોક=સ્વર્ગ લોક, મૃત્યુ લોક, અને પાતાળલોક.
ત્રિભુવનપતિ=ત્રણુ લોકના ધણી.
દેવાધિદેવ=દેવના પણ દેવ.

પાઠ ૮ મો.

ઉપાશ્રય=અપાશરો.
વાંદવા=પગે લાગવા.
શિખામણ=હિતની વાત, સારી વાત.
દુઃખ=પીડા.
સેવા=ચાકરી.
ખોટું=જુઠું.

પાઠ ૯ મો.

ઠવણી=જેના ઉપર સ્થાપનાચાર્ય રહે તે.
ધ્યાન=ચિંતવન કરવું તે,
સ્થાપનાચાર્ય=સાધુ મહારાજને કાર્ય કરવાની આજ્ઞા લેવા માટે સ્થાપન કરેલા આચાર્ય.
આચાર્ય=૩૬ ગુણે યુક્ત ધર્મગુરૂ.
આજ્ઞાસર=આજ્ઞા પ્રમાણે.

પાઠ ૧૦ મો.

દાંડો=દંડ, લાકડી.

ઉપયોગ=ખપ, કામ.
ઓળંગાય=પાર ઉતરાય.
વટાય.
અજ્ઞા=હુકમ.
આચાર=રીત, રીવાજ.
દોષ=પાપ.
મરજાદ=નિયમ, હદ.

પાઠ ૧૧ મો.

રજોહરણ=ઓઘો, જમીન પર થી ધુળને સાફ કરવાનો ઉનનો ગુચ્છો.
બગલ=કાખ.
ગુચ્છ=વાળનો જથ્થો.
ઈજા=હરકત, દુઃખ.

પાઠ ૧૨ મો.

નોકારવાળી=માળા.
માળ=મેડો
મણકા=પારા.
નવકાર=નમસ્કારરૂપ મંત્ર.
ધોવાય છે=ટળે છે.

પાઠ ૧૩ મો.

સાપડો=પુસ્તક રાખવાની ઘોડી.
પુસ્તક=ચોપડી.
આશાતના=અપમાન, સંભાળ ન રાખવી તે.
બગાડવું=ખરાબ કરવું.

પાઠ ૧૪ મો.

દર્શન કરવા=પગે લાગવા.
મોડો=અસુરો
ટેવ=હેવા, આદત.
આળસ=સુસ્તી, પ્રમાદ.

પાઠ ૧૫ મો.

જિનદર્શન=જિન ભગવાનના દર્શન.

પ્રેમે=હેતથી.
હેત=પ્રીતિ.
ભાવ=હોંશ.
જિનરાજ=જિનભગવાન્.
પ્રતિમા=મૂર્ત્તિ.
કાજ=કાજે, માટે.
સૌ=બધા.

અર્થ—આ બધાં બાળકો હેતથી જિન ભગવાનનું દર્શન કરવા દેરાસરમાં જાય છે. અને દર્શન કરીને ખુશી થાય છે. મનમાં ભાવ રાખીને જિન ભગવાન્‌ની મૂર્ત્તિ હેતથી જોવી એ જૈનનાં બાળકોનો ધર્મ છે.

માટે બધાંએ સાથે મળીને પ્રભુનાં દર્શન કરવા માટે જવું અને ભગવાનને નમીને કહેવું કે, હે જિન ભગવન્ ! જયવંતા વર્ત્તો.

પાઠ ૧૬ મો.

અવાજ=સાદ.
ઝાઝી=ઘણી.

પાઠ ૧૭ મો.

પૂજા=પૂજન, સેવા.
લાભ=ફાયદો.
ચોખ્ખી=સાફ, પવિત્ર.
ગુણ=લક્ષણ.

પાઠ ૧૮ મો

બિંબ=મૂર્ત્તિ.
ભવનાં=જન્મનાં.
નિર્મળ=ચોખ્ખું, પવિત્ર.
પૂરણ=પૂરાં.
દેવતણા=દેવના.
નિત્યે=હમેશાં
અનુપ=જે સૌથી સારું હોય તે, ઉત્તમ.

મનહર=મનને ગમે તેવું.
મંગળ=કલ્યાણ કરનાર.

સમજુતી—હે બાળકો ! તમે સૌ આ ઉત્તમ જિન પ્રતિમા જુઓ. તે મૂર્ત્તિ મનને ગમે તેવી અને કલ્યાણ કરે તેવી છે; જો તમે હેત ધરીને તેની પૂજા કરશો તો, તમારાં બધાં જન્મનાં પાપ જશે.

હે બાળકો ! તમે સૌ જિન ભગવાનનું પવિત્ર નામ લેશો, તો તેથી તમારાં કામ પૂરાં થશે. એ પ્રભુ, દેવના પણ દેવ છે, માટે તમે હમેશાં તેની પૂજા કરજો.

પાઠ ૨૧ મો.

સામાયિક=સમભાવ રાખવાનું વ્રત.
સ્થિર=શાંત.
પરિણામ=મનના ભાવ, વિચાર
મતિ=બુદ્ધિ.
સુધરે છે=સારી થાય છે.
ધારણા=ઇચ્છા, ભાવ.
રાગ=પ્રીતિ, હેત.
રીસ=ક્રોધ.

પાઠ ૨૦ મો.

પડિક્કમણું=પાપથી પાછા હઠવું તે.
દેવસીય=દિવસના પાપ આલોવવાને માટે સાંજે જે પ્રતિક્રમણ થાય છે તે.
રાઇય=રાત્રીમાં થએલ પાપની આલોયણાને માટે સવારે જે પ્રતિક્રમણ થાય છે તે.

પાઠ ૨૧ મો.

ઉપવાસ=જે દિવસે ખાવા પીવાનું ત્યાગ કરીને ધર્મ ધ્યાન કરીએ તે.

અટપટ=પંચાત.
ઇંદ્રિયો=આંખ, કાન, નાક વિગેરે. શરીરના ભાગ કે જેનાથી આપણે કાંઇ જાણી શકીએ.

પાઠ ૨૨ મો.

વિનય=નમનતાઇ, નમ્રતા.
ઇનામ=બક્ષીસ.
વર્ત્તવું=ચાલવું, રહેવું.

પાઠ ૨૩ મો.

દીપાવે=શોભાવે
કુળ=વંશ, જાત.
દાન=આપવું તે.
નાદાન=મૂર્ખ.
સાધો=પાર પાડો.
લાજ=આબરૂ.

સમજુતી—હે બાળકો ! તમે સૌ નમ્રતા રાખો, કારણ કે નમ્રતા એ ધર્મનું મૂળ છે; વળી નમ્રતાથી વિદ્યા વધે છે, અને કુળ શોભે છે.

વિનય વિના ધર્મ આવતો નથી, અને વિનય વિના દાન પણ અપાતું નથી. જે માણસમાં વિનય હોતો નથી, તે આ લોકમાં મૂર્ખ કહેવાય છે. ૨

વિનય વગર લોકમાં સારૂં કહેવાતું નથી, અને વિનય વિના આબરૂ મળતી નથી, માટે હે બાળકો ! તમે વિનય રાખસો તો, સર્વ કામ થઇ શકશે. ૩

પાઠ ૨૪ મો.

કસરતશાળા=કસરત કરવાની જગા.
સેવા=ચાકરી.
ચાંપુ છું=દાબું છું.

મરજી=ઇચ્છા.

ઉપકાર=પાડ, આભાર.

વેઠી=ખમી

બદલો=સારું

ઉછેરીને=પાળી પોષીને

બોધ=શિખામણ

પાઠ ૨૫ મો.

સંપ=હળીમળીને રહેવું તે

ફાયદો=લાભ, નફો.

ઉપયોગી=કામનો, ખપનો

પાઠ ૨૬ મો.

ઠપકો=ખીજવવું તે, વઢવું તે

સ્વભાવ=ટેવ.

વાંક=ગુન્હો, દોષ.

ધર્મગુરૂ=ધર્મ શીખવનાર ગુરૂ.

ભક્તિ=સેવા

માફી=ક્ષમા.

પાઠ ૨૭ મો.

ગુરૂ ભક્તિ=ગુરૂની સેવા

ગુણવંત=સારા ગુણવાળા

નિત=હમેશાં

જયવંતા=શ્રેષ્ઠ

પાંચ મહાવ્રત=મોટા પાંચવ્રત (૧) અહિંસા. (૨) સત્ય. (૩) ચોરી ન કરવી. (૪) બ્રહ્મચર્ય. (૫) અપરિગ્રહ.

સંયમ=ચારિત્ર

સુખકર=સુખ આપે તેવું

અભિમાન=ગર્વ, અહંકાર.

વાંદો=પગે લાગો

સંભારી=યાદ લાવી

પાર=છેડો

સમજુતી—આ ગુણવાળા ગુરૂજી બેઠા છે, તેમણે સુખ આપે એવું સંયમ (ચારિત્ર)

લીધેલું છે. તે ગુરૂજી નિત બોધ આપે છે, અને બીજા ઉપર ઉપકાર કરે છે. ૧

વળી એ ગુરૂ હમેશાં શ્રેષ્ઠ જિન ભગવાન્‌નું ધ્યાન ધરે છે, અને પાંચ મોટાં વ્રત પાળે છે, અને મનમાં અહંકાર રાખતા નથી. ૨

એ મુનિ મહારાજંના ઉપકારને યાદ કરીને તેમના ગુણને વખાણો, અને તેમને પગે લાગો તો, તમે સંસાર તરી શકો. ૩

પાઠ ૨૮ મો.

ચોખ્ખાઇ=સફાઈ

ગંદો=ગોબરો, મેલો

વર્ગ=કલાસ

દૂર=છેટે, આઘે

મહેરબાની=કૃપા

સાફ=ચોખ્ખા

ચીજો=જણસો, વસ્તુઓ.

શરમાવું=લાજવું

પાઠ ૨૯ મો.

સોબત=સંગત

નાટક=ખેલ

હુશિઆર=બહાદુર

વઢવાડ=લડાઇ

લીધો જતો નથી=હારી જતો નથી.

ચોપડાવે=આપે, દે

ભડ=બહાદુર

હકીકત=વાત

ભાઇબંધી=દોસ્તી

સુધરવું=સારા થવું

પાઠ ૩૦ મો.

જુઠું=ખોટું

રીસાવું=કજીઓ કરવો

મારામારી=માર મારવો તે

ચાહતું=પસંદ કરતું

પાઠ ૩૧ મો.

સર્વથા=બધી રીતે
વદે=બોલે
સત્ય=સાચું
વાણી=વચન
ટેક=નિયમ
માત=માતા, મા
તાત=પિતા, બાપ
નમ્રતા=વિનય
સ્વચ્છતા=ચોખ્ખાઈ
સદાકાળ=હમેશાં
રોધ=ક્રોધ, ગુસ્સો

સમજુતી—જે હંમેશાં જીવો ઉપર બધી રીતે દયા રાખે, અને સાચી વાણી બોલે ને જુઠું બોલે નહિ; વળી ધીરજ રાંખીને જૈન ધર્મમાં દ્રઢતાથી રહે, તે જૈનનાં બાળકો ખરેખરાં ધર્મવાળાં છે. ૧

વળી જે માબાપનું વચન પાળે, અને નમ્રતા (વિનય) રાખીને બધાંની સાથે બોલે ચાલે, ચોખ્ખાઇ રાખી જે હંમેશાં સુખમાં રહે, તે જૈન બાળકો ખરેખરાં ધર્મવાળાં હોય છે. ૨

વળી જે ગુરૂની સેવા કરીને હોંશ રાખીને વિદ્યા ભણે, તથા જેઓ હેત રાખીને શ્રી જિન ભગવાનની રોજ પૂજા કરે, વળી સંપ રાખીને સૌ સાથે સ્નેહથી રમે, તે જૈનનાં બાળકો ખરેખરાં ધર્મવાળાં છે. ૩

જે હંમેશાં સારી સોબત રાખીને સારી રીત રાખે છે, તથા જે નઠારી સોબત છોડી દેછે, અને રીસાઇને જે ગુસ્સો કરતાં નથી, તે જૈનનાં બાળકો ખરેખરાં ધર્મવાળાં છે. ૪

પાઠ ૩૨ મો.

એકેંદ્રિયવાળા=જે જીવને શરીર રૂપે એકજ ઇંદ્રિય હોય તેવા જીવ.

ઇંદ્રિય=જાણવાનું સાધન

આગ=અગ્નિ

પાઠ ૩૩ મો.

સાપ=સર્પ, એરૂ

બે ઇંદ્રિય=જે જીવોને શરીર અને જીભ એ બે ઇંદ્રિયો હોય તેવા જીવ.

પાઠ ૩૪ મો.

તેરિંદ્રિય=ત્રણ ઇંદ્રિયવાળા જીવ, એટલે જે જીવોને શરીર, જીભ ને નાક એ ત્રણ ઇંદ્રિયો હોય તેવા જીવ.

પાઠ ૩૫ મો.

ફક્ત=માત્ર

ચાર ઇંદ્રિય=જે જીવને શરીર જીભ, નાક, આંખ, એ ચાર ઇંદ્રિય હોય તેવા જીવ.

પાઠ ૩૬ મો.

મારકણી=મારે તેવી

ઢોર=પશુ

પક્ષી=પાંખવાળા જનાવર

પંચેંદ્રિય=પાંચ ઇંદ્રિય (શરીર, જીભ, નાક, આંખ ને કાન)વાળા જીવ.

પાઠ ૩૭ મો.

ભેદ=પ્રકાર જાત

કરમીઆં=પેટની અંદરનાં

એક જાતના જીવ.

બે ઈંદ્રિય=બે ઇંદ્રિય (શરીર, જીભ) વાળા જીવ.

તે ઈંદ્રિય=ત્રણ ઇંદ્રિય (શરીર, જીભ, નાક)વાળા જીવ.

ચૌરિંદ્રિય=ચાર ઇંદ્રિય (શરીર, જીભ, નાક, આંખ) વાળા જીવ.

પંચેંદ્રિય=પાંચ ઇંદ્રિય (શરીર, જીભ, નાક, આંખ, કાન) વાળા જીવ.

હણાય=મરાય, નાશ કરાય

સંભાળ=રક્ષણ, સાચવણ

સમજુતી—માટીમાં એક ઇંદ્રિય જીવ છે, અને પેટમાંના કરમીયાં બેઇંદ્રિય જીવ કહેવાય છે. કીડી તેરિંદ્રિય કહેવાય છે, અને માખીને ચાર ઇંદ્રિય હોય છે. પાંચ ઇંદ્રિય પ્રાણીમાં ગાય ગણાય છે. એ બધા જીવોમાં શ્રાવકોએ કોઈ દિવસ કોઇને હણવા નહિ. આ વાત જાણીને શ્રાવકના છોકરાઓએ જીવનું રક્ષણ કરવું

સમાપ્ત.

જૈન ધર્મ પ્રવેશ પોથી.

ભાગ બીજાના અર્થ.

પાઠ ૧ લો.

ટેકીલો=નિયમવાળો

શાંતિ=ધીરજ

નિસ્સિહી=સંસારનાં કામ નિષેધીને (ત્યાગ કરીને)

મૂર્તિ=પ્રતિમા

સ્તુતિ=પ્રાર્થના, સ્તવન

ખમાસમણ=સાધુ, ક્ષમાનેધારણ કરનાર

ચૈત્યવંદન=જીન ભગવાનની પ્રતિમાને નમન કરવું

કુટેવ નઠારી ટેવ

સંભારવાં=યાદ કરવાં


વિધિ=રીત

પાઠ ૨ જો

આશાતના=અપમાન

અંગલૂહણાં=અંગને લુછવું તે

તિલક=ટીલાં

સાથીઓ=  આવી આકૃતિ,

નૈવેદ્ય=સાકર, પેંડા વગેરે શુદ્ધ મીઠાઈના પદાર્થ

નવકારવાળી=માળા

પાઠ ૩ જો.

સામાયિક=સમતારૂપી વ્રત

ઇચ્છા મરજી

આભાર=પાડ, ઉપકાર
વહેવારી=સંસારી
સાધુતા=સાધુપણું
ઉપાશ્રય=ધર્મકરણી કરવાની જગા,

પાઠ ૪ થો.

પડિક્કમણું=પ્રતિક્રમણ પાપથી પાછા ફરવાની ક્રિયા.
પચ્ચખાણ=વૃત, નિયમ.
વાંદણા=પગે પડવું તે, વંદન.
કાઉસ્સગ=શરીરની ક્રિયાનો ત્યાગ કરવો તે.
ખુલાસો=નિર્ણય

પાઠ ૫ મો,

પાપ=ન કરવા યોગ્ય કામ
તોછડાઈથી=હલકાઇથી
વસમું=અઘરૂં, નઠારૂં.

જીવદયા=જીવ ઉપર રહેમ રાખી તેનું રક્ષણ કરવું તે.
બોધ=ઉપદેશ. શિખામણ.
આજ્ઞા હુકમ

પાઠ ૬ ઠો.

જગમાં=દુનિયામાં
જંત=જીવ, જંતુ.
પળ=ક્ષણવાર
વાયુ પવન
રક્ષા=રક્ષણ, બચાવ.
જતનાં=સંભાળ
ડગલું ભરે=ચાલે
અહિંસા=જીવની હિંસા ન કરવી તે.
હિંસા=નાશ
ધર્મી=ધર્મવાળા
ડરે=બીએ
પાળક=પાળનાર, સાચવનાર
સમજુતી—આ જગ-

તમાં ઝીણા ઝીણા જીવો એક ક્ષણવારમાં ઘણા પેદા થાય છે, અને નાશ પાપ છે. વળી પૃથ્વી, પાણી અને ઘાસમાં પણ જરૂર જીવો હોય છે. ૧

શ્રાવક એ બધા જીવોની રક્ષા કરે છે, અને સંભાળથી ચાલે છે, એ ખરેખરો અહિંસા ધર્મ છે. અનેએવીશ્રીજિન ભગવાનની આજ્ઞા છે. ૨

પાપી માણસો જીવોની હિંસા (નાશ) કર્યા કરે છે. પણ ધર્મવાળા શ્રાવકો એ હિંસાથી ડરે છે. જે ખરે. ખરા જીવોની દયા પાળનારા છે, તેજ ખરેખરા શ્રાવક જાણવા. ૩

જાડી બુદ્ધિનો=ઓછી બુદ્ધિવાળો.
ઉતરતો=હલકો
ખોટું=જુઠું.
ચતુર=હુશિઆર
કુટેવ=ખરાબ ટેવ.
શરમાયો=લાજ્યો
મેમાન=પરોણા
યાદ નથી=સાંભરતો નથી.
શિક્ષા=સજા
દાખલો=દ્રષ્ટાંત
ખરાબ=નઠારૂં
ખાસ=જરૂર
અભાવ=ભાવ નહિ તે, હેત નહિ તે.
મંદ=ઓછી, હલકી.
માન=આવકાર, આબરૂ.
અપમાન=ગેરઆબરૂ.

પાઠ ૭ મો.

સત્ય=સાચું, સાચ.
વર્ગ=ક્લાસ

પાઠ ૮ મો.

સુત=છોકરો

વદે=બોલે.
લાજ=આબરૂ.
વિખ્યાત=પ્રખ્યાત
વિશ્વતણા=દુનિયાના
વેવાર=લેવડ દેવડ, વ્યવહાર
ગુણગાન=આબરૂનાં વખાણ, કીર્તિ.
આંટમાં=શાહુકારીમાં આબરૂ
આંચ=હરકત
સુધરે=સારો થાય
ઘટે=ઓછું થાય
અપમાન=ગેરઆબરૂ
મૃષાવાદ=જુઠું બોલવું તે
હેરાન=દુખી

સમજુતી—જે શ્રાવકનો છોકરો સાચેસાચી વાત કહે છે, તેની આ દુનિયામાં આબરૂ વધે છે. અને તે પ્રખ્યાત થાય છે.

આ દુનિયાના વહેવારમાં પણ સાચાની આબરૂ છે, અને બધા માણસો હેતથી સાચાનેજ વખાણે છે.

એક સાચના શાહુકારીમાં લાખો રૂપીયાનો વેહેવાર ચાલે છે, વળી સાચાને કોઈ દિવસ હરકત આવતી નથી, અને તેનો આ સંસાર સારો થઈ જાય છે.

જુઠા માણસની આબરૂ જગતમાં ઓછી થાય અને અપકીર્તિ વધે છે, વળી તે મૃષાવાદ (જુઠું બોલવું તે) ના પાપથી દુનિયામાં દુઃખી થાય છે.

માટે હે ! શ્રાવક બાળકો ! તમે હમેશાં સાચેસાચી વાત કહેજો, અને સાચું બોલવાનું વૃત રાખશો તો હમેશાં સારી રીતે સુખે થશો.

પાઠ ૯ મો.

નરક=નઠારી ગતિ

પીડા=દુઃખ

ચોરી=બીજાની ચીજ તેના જાણ્યા વિના લેવી તે

શિક્ષા=સજા

પરલોક=બીજા લોક

અદત્તાદાન=ચોરી

મન ગમતી=મનને પસંદ પડતી

રાગ=પ્રીતિ, પ્રેમ

નિશ્ચય=નક્કી, દ્રઢ ઠરાવ.

પાઠ ૧૦ મો.

છુપાવી=સંતાડી

ફળ=પરિણામ

માઠાં=ખરાબ, નઠારાં

સહાય=મદદ

દંડ=શિક્ષા

ખંડ=પૃથ્વીના મોટા ભાગ

ઝલાય છે=પકડાય છે

સમજુતી—હે બાળકો! બીજાની ચીજ તેના આપ્યા વિના લેવી તે ચોરી છે, એમ જાણજો. જે માણસ છાની રીતે બીજાની ચીજ લે છે, તે પાપનાં બી વાવે છે.

ચોરી કરવાનું ફળ ખરાબ આવે છે. ચોરને કોઇ મદદ કરતું નથી. રાજા પણ ચોરને સજા કરે છે, અને ચોર દુનિયાના બધા ભાગોમાંથી પકડાય છે.

પાઠ ૧૧ મો.

રાગ=પ્રીતિ

દ્વેષ=ઇતરાજી, ઝેર.

દોષ=અવગુણ

ચાર અતિશય=પુણ્યથી પ્રાપ્ત થએવી ચાર શક્તિઓ

યુક્ત=જોડાએલા

સંકટ=દુઃખ

ભાષા=બોલી

હિતકારક=ફાયદા કારક.

સ્વરૂપ=ખરેખરૂં રૂપ
ખાત્રી=નિશ્ચય
ઓળખી=જાણી

પાઠ ૧૨ મો.

વહેમી=શંકાવાળો
ઢોંગી=ઢોંગ કરનાર, ફિતુર કરનાર
છેતરતા=ઠગતા
કંટાળી=થાકી, કાયર થઈ
શુદ્ધ=ચોખ્ખા
હિંસા=જીવનો નાશ
બ્રહ્મચર્ય=સ્રીનોત્યાગ કરવો તે
પરિગ્રહ=કાંઇ પણ વસ્તુ ગ્રહણ કરવી તે. એટલે દ્રવ્ય વગેરે પાસે રાખવું તે.
પંચમહાવ્રત=સાધુઓને પાળવાનાં પાંચ મોટાં વ્રત.
શરણ=આશરો

ભરમાયો=ભૂલ્યો
આદરૂં=શરૂ કરૂં
કલ્યાણ=સારૂં

પાઠ ૧૩ મો.

શંકા=વહેમ
નીતિ=સારી વર્ત્તણુંક, ન્યાય.
ત્યાગ=સંસારને છોડી દેવો તે

પાઠ ૧૪ મો.

જગતકર્ત્તા=જગતનો બનાવનાર
રચનાર=બનાવનાર
મત=પંથ
તદ્દન=બીલકુલ
કાળ=વખત, સમય.
પાર=છેડો
અધર્મ=ધર્મ નહિ તે, પાપ.
અનીતિ=અન્યાય
પક્ષપાત=તરફેણ

પાઠ ૧૫ મો.

ખોટું=નઠારૂં
જોખમ=નુકસાન
જીવજંતુ=જીવડાં
ભાણું=જમવાનું વાસણ
ઓટી જાય=ચાખી જાય
આજ્ઞા=હુકમ
વર્જવું=તજવું, છોડીં દેવું
રાત્રિ ભોજન=રાત્રે જમવું તે

પાઠ ૧૬ મો.

અભક્ષ્ય=નહિ ખાવા યોગ્ય
ખાઉકણુ=બહુ ખાવાની ટેવ વાળો, ખાધરો
કજીયો=કંકાસ, તોફાન
વેલ=વેલો
અજાણ્યું=જાણેલું નહિ તેવું
ચસકા=આંચકા; દુઃખ થવું તે
અમાતા=સહન થતા
ઉપાય=ઈલાજ
કંદ=ભોંયમાં થતા કાંદા
મૂળ=મૂળીઆં, જડ
વેંગણુ=રીંગણાં
પેપી=પીંપરનાં ફળ, પેપડી

પાઠ ૧૭ મો.

આચાર વર્ત્તણુક
લીલોતરી=લીલાં ઝાડ
બહુ બીજ=ઘણાં બીવાળાં ફળ.
અનંતકાય=એક શરીરમાં અનંતા જીવ હોય તેવી વનસ્પતિ
દરકાર=ફિકર, ચિંતા.
જાન=જીવ
સંતાન=છોકરાં
અંગ=શરીર
ભાવ=પ્રીતિ, રાગ.
કુસંગી=નઠારા સંગવાળાં
શોખી=શોખવાળા, વિલાસી.
સાતવ્યસનો=સાતજાતની નઠારીટેવ

(૧) દારૂ પીવો,
(૨) જૂઠું બોલવું,
(૩) ચોરી કરવી,
(૪) માંસ ખાવું,
(૫) જુગારરમવો,
(૬) વેશ્યા ગમત.
(૭) પરસ્ત્રી ગમન,

ગમ્મત=મજા, રમૂજ.
અપશબ્દ=ગાળ, નઠારાં વચન.
ઉચ્ચારતા=બોલતા
ધુન=તાન
નિર્લજ=શરમ વગરનાં

સમજુતી | જે કંદ, મૂળીઆં અને ઘણાંક લીલાં ઝાડ થાય છે, વળી ઘણાં બીવાળાં ફળ, રીંગણાં અને પેપડીઓ કે જે અનંતકાય કહેવાય છે, તે બધાંમાં બહુજ સ્વાદ છે, એમ જાણી બીજાની જીવની ફીકર રાખે નહિ, એવી રીત આ દુનિઆમાં ખરાં જૈનનાં બાળકોની હોતી નથી. ૧

વળી મનમાં દયા ન રાખતાં રાત્રે દીવો કરીને જમે છે, અને નહીં ખાવા યોગ્ય વસ્તુઓ ખાવામાં પ્રીતિ રાખે છે, અને કુસંગીની સોબતમાં રહીને પાપનો કાંઇ પણ વિચાર કરતા નથી, અને માન મેળવવાની ઘણી ઇચ્છા રાખે છે એવી રીત આ દુનિઆમાં ખરા જૈનનાં પુત્રોની હોયજ નહિ. ૨

આ જગતમાં શોખી થઇને સાત પ્રકારના વ્યસન (કુછંદ) કરે છે. તથા ગાળ દેવામાં બહુ મજા છે, એમ જાણીને મોઢેથી ખરાબ શબ્દ બોલે, તથા બેશરમ નાટકનાં ગાયનની ધુન (તાન) કરતા ફરે, છે, એવી રીત આ આ દુનિઆમાં ખરા જૈનના બાળકોની હોતીજ નથી.

પાઠ ૧૮ મો.

બચપણ=નાનપણ
બીકણ=ડરે તેવો
સ્વભાવ=ટેવ
ધોળે દિવસે=દિવસના અજવાળામાં.
પડછાયો=ઓળો
ગડગડાટ=ગર્જનાં
ગાભરો=આકળો
બહાદુર=હુશિઆર. હિંમતવાન
ગોઠીઓ=મિત્ર, દોસ્ત.
હિમત=ધીરજ, બહાદુરી.
બીક=ડર
દબાવે છે=ડરાવે છે
નાહિંમત=હિંમત વગરનો
નમાલો=માલ વગરનો
સંતોષ=તૃપ્તિ

પાઠ ૧૯ મો.

ધરજો=રાખજો
સધાય=થાય
સહાય=મદદ
તપસ્યા=તપ
હારી=છોઠી,=મૂકી.
વીર=વીર ભગવાન
ઉદય=આબાદી, ચડતી.
સરશે=થશે
નામ રાખો=કીર્ત્તિ મેળવો.

સમજુતી—હે શ્રાવકનાં બાળકો ! તમે હિંમત રાખજો, કારણ કે હાલમાં હિંમતમાંજ માલ છે. હિંમત હોય તો ધર્મ મેળવી શકાય છે; અને હિમતથીજ મદદ પણ મેળવી શકાય છે. ૧

તપ કરવામાં પણ હિંમતની જરૂર છે; હિંમત મૂકી દેવાથી કોઇ પણ કાર્યમાં ફાવવા નથી, માટે હે વીર ભગવાનાનાં બાળકો ! તમે હિંમત રાખો, આ વખત હિંમતનો જ છે.

હિમત રાખવાને પ્રીતિ રાખો

તો તેથી તમારી ચડતી થશે, હિંમતથી બધાં કામ પાર પડશે. માટે સૌ હિંમત (ધીરજ) રાખીને કીર્તિ મેળવો. ૩

અટકાવી=બંધ રાખી
ગંદી=મેલી
સાફસૂફ=ચોખ્ખાં
શરમ=લાજ
આબરૂદાર=આબરૂવાળા
હલકી=નીચી

પાઠ ૨૦ મો.

વિનય=નમ્રતા
પંડિત વિદ્વાન્
છિછાંછળો=તોછડો વિનય વિનાનો.
ચતુર=હુશિઆર
આધાર=ટેકો
જડ=મૂર્ખ
કરગરવા=કાલાવાલા કરવા,
આજીજી=કાલાવાલા
કૃપા=મહેરબાની=
સભ્યતા=અદબ
વહાલ=પ્યાર,

પાઠ ૨૧ મો.

અપમાન=ગેરઆબરૂ, તિરસ્કાર.

પાઠ ૨૨ મો.

ભાલ=કપાળ
સુંદર=સારો
પોશાક=કપડાં, લૂગડાં.
આપ=આરસી
ખ્યાલ=ધ્યાન
ચ્હેરો=મુખ
સુઘડતા=ચોખ્ખાઇ
નિર્મળ=ચોખ્ખું
નીર=પાણી
ચળકાટ=તેજ
અંગ શરીરના ભાગો

સમજુતી—હે ભાઇઓ! આ જૈનના છોકરાને જુઓ.

તેના કપાળમા કેશરનું તિ-
લક છે. તેણે સારો પહેરવેશ
પહેર્યો છે, તેના વસ્ત્રો કાચ
જેવાં ચળકે છે. ૧

તેને માથે ચોખ્ખા વાળ
છે, અને બધું ચોખ્ખું રા-
ખવામાંજ તેનું ધ્યાન છે.
તેના મુખ ઉપર કેવું તેજ
છે ! તે દરેક વાતે ચોખ્ખાઈ
રાખે છે. ૨

તે રોજ હેતથી દાતણ
કરે છે, અને ચોખ્ખા પા-
ણીથી નહાય છે. પોતાનાં
બધાં અંગ [અવયવ] ચો-
ખ્ખાં રાખે છે,અનેમેલામા-
ણસની સોબતકરતોનથી. ૧

પાઠ ૨૩ મો.

ચાલાક=હુશિઆર
પાઠશાળા=નિશાળ
ખોરાક=ખાવાનું
નકામાં=કામ વગરનાં

પાઠ ૨૪ મો.

તોફાની=મસ્તીખોર
અંગરખાં=કેડીઆં
જીવહિંસા=જીવનો નાશ
ઉડાડયું=ઉછાળ્યું
પૃથ્વીકાય=માટી પાષાણ વિ-
ગેરેમાં રહેલા જીવ-
અપ્‌કાય=પાણી રૂપી જીવ
તેઉકાય=અગ્નિના જીવ
વાયુકાય=વાયુરૂપી જીવ
વનસ્પતિકાય=ઝાડ પાલાના
જીવ.
ત્રસકાય=હાલેચાલે તેવા જીવ
ઉગાવ્યા=ઉગાર્યા
ધર્મી=ધર્મવાળો
કબુલ કરવું=માનવું

પાઠ ૨૫ મો.

સંગ્રહસ્થાન=એકઠું કરવાનું
ઠેકાણું

ત્રસજીવો=હાલે ચાલે તેવા જીવ.

ગંડોળાં=પેટમાં ઉત્પન્ન થતાં જીણાં કરમીઆં

જળો=પાણીમાં રહેનારા એક જાતના બેઇંદ્રિય જીવ

અળસીયાં=વરસાદના દહાડામાં થતાં લાંબા જીવડાં

પોરા=જીવડા, કીડા.

ઉધઇ=જીણાં કીડી જેવાં જીવડાં

ધીમેલ=પાંખવાળી કીડીઓ

ગીંગોડાં=નાનાં ગોળ જીવડાં જે કુતરાનાં શરીરમાં ચોંટેલા હોય છે તે

ગધેયાં=સફેદ જીણાં જીવડાં માટી અને મૂત્ર એકઠું થવાથી ઉત્પન્ન થાય છે.

ધનેડાં=લાલ રંગના જીવડાં જે દાણામાં પડે છે તે.

કુંથવા=જીણા કીડા

એળ=લાંબાં પાતળાં જીવડાં

તીડ=પાંખવાળાં જે ખેતરમાં ઉડે છે, અને દાણાને નુકશાન કરે છે તે.

કંસારી=પુદાં

ડાંસ=મચ્છર જેવાં જીવડાં

પશુ=ચાર પગવાળાં જનાવર

પા ૨૬ મો.

બુદ્ધિમાન=અક્કલવાળો

મંદ=ઓછી, હલકી

ગ્રહણ કરી લેવું=સમજી લેવું

ઠસી ગયું=દ્રઢ થઇ ગયું

અજીવ=જેમાં ચેતન ન હોય તે

ધર્માસ્તિકાય=જીવને પુદ્ગળને હાલવા ચાલવામાં મદદ કરે છે તે.

અધર્માસ્તિકાય=જીવ અને પુદ્ગળને સ્થિર રાખવામાં મદદ કરે તે.

આકાશાસ્તિકાય=જીવ અને પુદ્ગળને અવકાશ આપે તે.

પુદ્ગળાસ્તિકાય=પૂરણ થાય અને ગળી જાય તે.

કાળ=નવી વસ્તુનેજુની કરે અને જુનીને નવી કરે તે

પાઠ ૨૭ મો.

વિહાર=એક સ્થળથી બીજે સ્થળે જવું તે.
આહાર=ખાવાનું
બીછાનુ=પથારી
વિલંબ=વાર, વખત ઢીલ,
ચહેરા=મુખાકૃતિ
અનાશ્રય=આધાર વગરનાં
આશ્રય=આધાર
સ્તુતિ=વખાણુ
પુણ્યબંધ=પુણ્યને બાંધવું તે

પાઠ ૨૮ મો.

સ્થાન=ઠેકાણું
સંત=સાધુ
સજ્જન=સારા માણુસ

બિછાવી=પાથરી
સેજ=પથારી
તંગી=ખોટ, ખામી.
શુભચિંતન=સારા વિચાર કરવા તે.
વ્યવહાર=વહેવાર
સમા=જેવા

સમજુતી—જે ભૂખ્યાને અનાજ આપે અને તરસ્યાને પાણી આપે, વળી સાધુ કે સારા માણુસ આવે તો, તેને ઉતરવાને જગા આપે તથા પાથરણું પાથરી આપે અને લુગડાંની ખોટ હોય, તો તે પૂરી પાડે; વળી આવેલા માણુસનું ભલું કેમ થાય, એવો વિચારમનમાં રાખે, ને મોઢેથી પ્રીય વાણી કહે, તથા વ્યવહારધર્મને સમજીને જે આવે તેને નમસ્કાર કરે, અને બીજી રીતે સેવા કરે, એવા શ્રાવકો

રત્ન જેવા છે. અને તેઓ પુણ્ય બાંધે છે.

પાઠ ૨૯ મો.

ફળ=પરિણામ
હાંફી ગયા=શ્વાસ ચઢી ગયો
તન્દુરસ્તી=સારૂં શરીર હોય તે
તન્દુરસ્ત=નિરોગી
સુખશાતા=શાંતિ
કુળ=વંશ
નરવી=રોગ વગરની
ગોરૂં=સફેદ
લોકપ્રિય=લોકને ગમે તેવો
કંઠ=રાગ
તીર્થંકર=ધર્મ તીર્થને પ્રવર્તાવનાર
પુણ્ય=શુભ કર્મ

પાઠ ૩૦ મો.

સ્થાપી=શરૂ કરી
નીમણુક=યોજના, ગોઠવણ
નમ્રતા=વિનય
નાશ=હિંસા
ખોટું=જુઠું
વ્યભિચાર=પરસ્ત્રી સેવન
સંગ્રહ=સંઘરો, એકઠું કરવું તે
ગુસ્સો=ક્રોધ
અહંકાર=અભિમાન, ગર્વ
કપટ=દગો, છળ
લોભ=લાલચ
પ્રીતિ=રાગ
દ્વેષ=ખાર, ઝેર
ટંટો=તકરાર
આળ=તહોમત
ચાડી=બીજાની વાત કહી દેવી તે.
મિથ્યાત્વ=ખોટી માન્યતા અને વર્તણુંક
મર્યાદા=હદ, નિયમ

પાઠ ૩૧ મો.

ચડતી નથી=આવડતી નથી
જન્મ=અવતાર

ભોગવવું=સહેવું
પ્રકાર=રીત
અંતરાય=અડચણ, હરકત,
શક્તિ=બળ, જોર.
ઉપયોગ=કામ, ખપ
સુસ્તી=આળસ
અળખામણો=અણગમતો, ન ગમે તેવો.
નરક=દુઃખનું સ્થાન
અવસ્થા=દશા,હાલત,સ્થિતિ
બોધીશ=ઉપદેશ કરીશ
અટકે=બંધ પડે

પાઠ ૩૨ મો.

શિષ્ય=નિશાળીઆ, વિદ્યાર્થી
આશ્રવ=કર્મનું આવવું
નાળાં=નાની નદી, વહેળા, ઝરણુ.
નરસું=નઠારૂં
સારૂં કામ=જે કામ કરવાથી બીજાને દુઃખ ન થાય તથા આપણા મનના વિચાર નઠારા ન થાય તેવું કામ.

પાઠ ૩૩ મો.

દુબળી=નબળી
કાયા=શરીર
નવતત્ત્વ=જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ મોક્ષ.
સંવર=આવતા કર્મને રોકવું તે.
નરસાં=નઠારાં
તપસી=તપસ્યા કરનાર
સહન=ખમવું
પરિષહ=ધર્મ કરવામાં જે કષ્ટ પડે તેને સમતાથી સહન કરવું તે.
વાંદવા=પગે લાગવા

ભાવના=સંકલ્પ

પાઠ ૩૪ મો.

નિર્જરા=કર્મને ખપાવવાં તે.
પ્રાયશ્ચિત=કરેલાં પાપને નિવારણ કરવા જે તપ કરવું તે.
બાહ્ય=બહારનાં, શરીરનાં
આભ્યંતર=અંદરનાં, મનનાં
ઉપવાસ=આહારને ત્યાગ કરવાનું વ્રત.
ઓછો આહાર=આહારમાં ઘટાડો કરવો તે.
ટુંકામાં નિર્વાહ=થોડી વસ્તુઓથી શરીરનો નિર્વાહ કરવો તે.
આંબલનીવિ=રસકસવાળા, (વિગય) આહારનો ત્યાગ.
કાયકલેશ=શરીરને દુઃખ આપવું તે.
અંગ સંકોચવું=વિના કારણે રખડવું નહિ તે.
વિનય=નમ્રતા
વૈયાવચ્ચ=સેવા ચાકરી
ધ્યાન=સ્મરણ
પર વસ્તુનો ત્યાગ=બાહ્ય વસ્તુને છોડી દેવી તે.
તત્પર=તૈયાર

પાઠ ૩૫ મો.

બંધ=કર્મનો જીવ સાથે સંબંધ થાય તે.
પુદગળ=પૂરણ થાય ને ગળે તે
સ્વતંત્ર=કોઇને તાબે ન હોય તેવું.
પ્રકૃતિબંધ=કર્મોનાં સ્વભાવનો બંધ.
સ્થીતિબંધ=કર્મનો અમુક કાળ સુધી બંધ.
અનુભાગબંધ=કર્મનો ઓછો વત્તો અનુભવ થાય તે.

પ્રદેશબંધ=કર્મનાં પુદ્ગળ ઓછાં વત્તાં હોય તે.

ખુંદી=કળી

પાઠ ૩૬ મો.

મોક્ષ=આત્માનું આઠ પ્રકારના કર્મથી છુટા થવું.

નવ દ્વાર=નવ માર્ગ

પ્રરૂપણા=કથન

છતાં પદ=જે પદનું હોવાનું તે

વાચક=દર્શાવનાર

વાચ્ય=જે દર્શાવવું હોય તે

ક્ષેત્ર=સ્થાન

ફરસે=સ્પર્શ કરે.

આદિ=શરૂઆતવાળો

અનંત=અંત વગરનો

દ્રવ્ય પ્રમાણ=મોક્ષના જીવ કેટલા છે તે વિચાર કરવો તે.

અનાદિ=જેની શરૂઆત નથી એવું.

અનેક=એકથી વધારે

અંતર=છેટું

સંસારી=કર્મના બંધવાળા

ક્ષાયિક ભાવ=કર્મો ક્ષય થવાથી ભાવ ઉત્પન્ન થાય તે

પ્રકાર=ભેદ

સ્વરૂપ=ખરૂં રૂપ

વિશેષ=વધારે

સમાપ્ત.